# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ મનપા સહિત 6 પાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતોનો ઉમેદવારોનું ભાવિ ખુલશે**

# આણંદમાં આજે 'ચુનાવી જંગ'નો ચુકાદો

**સવારે 9-00 કલાકથી** મતગણતરીનો ધમધમાટ

**વહીવટી તંત્ર દ્વારા** મતગણતરી કેન્દ્રોની યાદી જાહેર

(પ્રતિનિધિ) આણંદ તા.27

આણંદ જિલ્લામાં લોકશાહીના પર્વ સમાન સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-2026ની મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, હવે સૌની નજર મંગળવારના પરિણામો પર ટકેલી છે. 28મી એપ્રિલના રોજ સવારે 9-00 કલાકથી આણંદ જિલ્લાની નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની બેઠકો માટે મતગણતરીનો પ્રારંભ થશે. વહીવટી તંત્ર દ્વારા આ પ્રક્રિયાને પારદર્શક અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે અને નિયત કરવામાં આવેલા કેન્દ્રોની યાદી પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે.

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની કુલ 42 બેઠકો બિનહરીફ થઇ હોવા છતાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં બાકીની ઘણી બધી બેઠકો પર ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારો વચ્ચે રસાકસી ભર્યો અને પ્રતિષ્ઠાનો ચૂંટણી જંગ બનેલો છે.

કરમસદ આણંદ મહાનગરપાલિકા, આણંદ જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયતની અને 6 પાલિકાની બેઠકો માટે રવિવારે મતદાન યોજાયું હતું. ફોર્મ પરત ખેંચાવાની અંતિમ મુદતે કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકા કુલ મળીને 42 બેઠકો બિનહરીફ જાહેર થતાં પ્રારંભથી જ રાજકીય સમીકરણોમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. ઉમેદવારો અને તેમના સમર્થકોએ મતદારોને રીઝવવા માટે ઝંઝાવાતી લોક સંપર્ક, પ્રચાર સભાઓ અને અવનવી વ્યૂહરચનાઓ અપનાવી હતી, જેના કારણે સમગ્ર આણંદ જિલ્લામાં ચૂંટણીને લઈ તણાવભર્યો પણ ઉત્સાહજનક માહોલ સર્જાયો હતો. ગરમી અને લગ્નગાળામાં પણ મતદારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો પણ મતદાન બાદ 'કોણ જીતશે ?'નો સવાલ યથાવત રહેતા ઉત્તેજના અકબંધ રહેવા પામી છે.

આકરી ગરમી અને લગ્નોની સિઝન વચ્ચે પણ મતદારો ઉત્સાહપૂર્વક મતદાન કરવા બહાર નીકળ્યા હતા. જોકે મતદાન પૂર્ણ થયા બાદ પણ સ્પષ્ટ ટ્રેન્ડ સામે ન આવતા હાર-જીતને લઈ 'જો અને તો'ના તર્કો ચાલુ છે. 1041 ઉમેદવારો અને તેમના સમર્થકો પોતાની જીતના દાવા કરી રહ્યા છે, જેના કારણે રાજકીય ગરમાવો હજુ યથાવત રહ્યો છે.

મંગળવારે યોજાનારી મત ગણતરીને લઈ સમગ્ર આણંદ જિલ્લામાં ઉત્તેજનાનો માહોલ ચરમસીમાએ પહોંચી ગયો છે. મત ગણતરી સ્થળોએ લોકોના ટોળેટોળાં ઉમટવાની શક્યતા વચ્ચે વહીવટી તંત્ર દ્વારા મત ગણતરીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ઈવીએમ મશીન દ્વારા મતદાન થયેલ હોવાથી બપોર સુધીમાં તમામ પરિણામો જાહેર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. જોકે પરિણામ પહેલા જ અફવાઓનું બજાર ગરમ બન્યું છે અને કેટલાક વિસ્તારોમાં સટોડિયા સક્રિય બન્યા હોવાના અહેવાલો મળી રહ્યા છે. સમગ્ર પરિસ્થિતિમાં હજુ પણ કોણ આગળ રહેશે અને કોણ પાછળ રહેશે ? તે અંગે મતદારો મન કળવા ન દેતાં રાજકીય રસાકસી અને પરિણામને લઈ ઉત્સુકતા યથાવત જળવાઈ રહી છે.

### બપોર સુધીમાં પરિણામ જાહેર થવાની શક્યતા

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થયા બાદ હવે સૌની નજર આજે યોજાનારી મતગણતરી પર મંડાયેલી છે. મંગળવારે સવારથી શરૂ થનારી ગણતરી બાદ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયત, અને છ નગરપાલિકાના પરિણામો બપોર સુધીમાં સ્પષ્ટ થઈ જશે. કરમસદ - આણંદ મહાનગરપાલિકાની મતગણતરી નલીની અરવિંદ એન્ડ ટીવી પટેલ આર્ટ્સ કોલેજ ખાતે થશે. જ્યારે આણંદ જિલ્લા અને તાલુકા પંચાયતની મતગણતરી એમ.બી. પટેલ સાયન્સ કોલેજ ખાતે થશે. બપોર સુધીમાં મહત્તમ પરિણામ જાહેર થઇ જશે.

### મતગણતરીના કેન્દ્રો અને વ્યવસ્થા

» **નગરપાલિકાના જંગનું કેન્દ્ર |** આણંદ જિલ્લાની 6 નગરપાલિકાઓ માટેની મતગણતરી ખાસ નક્કી કરવામાં આવેલા કેન્દ્રો પર થશે. શહેરી વિસ્તારના મતદારોનો મિજાજ અને નગરપાલિકામાં કોનું શાસન આવશે તે જાણવા માટે કાર્યકરોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

» **ગ્રામીણ સત્તાનો ફેંસલો |** જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની બેઠકો માટે રસાકસીભર્યો માહોલ છે. તાલુકા મથકો પર નક્કી કરાયેલા સ્થળોએ મતોની ગણતરી કરવામાં આવશે, જેના માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

**કોણ બનશે શિરોમણી? | રાજકીય પક્ષોમાં ઉત્તેજના અને ઉમેદવારોના ધબકારા વધ્યા**

# ખેડામાં 'મહાસત્તા'નો આજે નિર્ણય

**ખેડા જિલ્લા પંચાયત,** 9 તાલુકા પંચાયત અને નડિયાદ મનપા, 4 નગરપાલિકાના ભાવિનો નિર્ણય થશે





તસવીરઃ જશંતસિંહ રાઠોડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.27

ખેડા જિલ્લામાં રવિવારે રસાકસીભર્યા માહોલમાં સંપન્ન થયેલા મતદાન બાદ હવે સમગ્ર જિલ્લાની નજર મંગળવારે યોજાનારી મતગણતરી પર ટકેલી છે. ખેડા જિલ્લા પંચાયતની 42 બેઠકો, 175 તાલુકા પંચાયતની બેઠકો અને નડિયાદ મહાનગરપાલિકાના 13 વોર્ડની 49 બેઠકો સહિતની 4 નગરપાલિકાઓમાં કોણ સત્તાના સૂત્રો સંભાળશે ? તેનો મંગળવારે સવારથી નિર્ણય થવાનું શરૂ થશે. વહીવટી તંત્ર દ્વારા તમામ 11 તાલુકા મથકોએ મતગણતરી માટે લોખંડી બંદોબસ્ત અને સીસીટીવીની સજ્જતા સાથે આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

આ ચૂંટણી રાજકીય પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહી છે, કારણ કે જિલ્લા પંચાયતમાં 88 અને તાલુકા પંચાયતોમાં 351 હરીફ ઉમેદવારો મેદાનમાં છે. નડિયાદ મનપામાં પણ 103 ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો છે. જોકે, રસપ્રદ વાત એ છે કે મતગણતરી પૂર્વે જ જિલ્લા પંચાયતની 7 અને તાલુકા પંચાયતની 23 બેઠકો પર ઉમેદવારો બિનહરીફ જાહેર થયેલા છે, જેણે જે-તે પક્ષોને મનોવૈજ્ઞાનિક સરસાઈ અપાવી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે બાકીની બેઠકો પર મતદારોએ કોના પર કળશ ઢોળ્યો છે ?

સમગ્ર જિલ્લામાં મતદાનની ટકાવારી જોઈએ તો જિલ્લા પંચાયત માટે સરેરાશ 61.12% અને નડિયાદ મનપામાં 63.66% મતદાન નોંધાયું છે. સૌથી વધુ મતદાન કંજરી નગરપાલિકામાં 84.27% જેટલું નોંધપાત્ર રહ્યું છે. ખાસ કરીને આ વખતે મહિલા મતદારોની ભૂમિકા નિર્ણાયક સાબિત થઈ શકે છે, કારણ કે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં જ 2,84,395 મહિલાઓએ મતદાન કરી પોતાની જાગૃતિ બતાવી છે.

ખેડા જિલ્લામાં મંગળવાર સવારે જ્યારે ઈવીએમ મશીનો ખુલશે, ત્યારે માત્ર ઉમેદવારો જ નહીં પણ મોટા ગજાના રાજકીય નેતાઓનું ભાવિ પણ સ્પષ્ટ થશે. ઉંચા મતદાનની ટકાવારી અને ખાસ કરીને મહિલાઓના ભારે મતદાનથી કયો પક્ષ ફાવશે તે જોવું રસપ્રદ રહેશે. નડિયાદમાં વહેલી સવારથી જ ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓની હાજરીમાં મતગણતરીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે.

### બિનહરીફ બેઠક : જંગ પહેલા જ જીત !

ખેડા જિલ્લા પંચાયતઃ 42 માંથી 7 બેઠકો બિનહરીફ.
તાલુકા પંચાયતઃ 175 માંથી 23 બેઠકો પર મતદાન વગર જ ફેંસલો.
ઠાસરા નગરપાલિકાઃ સૌથી વધુ 8 બેઠકો બિનહરીફ થઈ.
નડિયાદ મનપામાં 3 બેઠકો બિનહરીફ.

### ક્યાં થશે મતગણતરી? મુખ્ય કેન્દ્રો પર નજર

નડિયાદ મનપાઃ બાસુદીવાલા હાઈસ્કૂલ અને ભારત હાઈસ્કૂલ, ઉત્તરસંડા.
નડિયાદ (ગ્રામ્ય): એસ.એન. પટેલ આદર્શ વિદ્યા મંદીર, આખડોલ.
માતરઃ એન.સી. પરીખ સર્વોદય વિનય મંદિર હાઈસ્કૂલ.
કપડવંજઃ શેઠ એમ.પી. હાઈસ્કૂલ.
ઠાસરાઃ ભવન્સ કોલેજ, ડાકોર.

### સુરક્ષા કવચ : લોખંડી બંદોબસ્ત

ખેડા જિલ્લામાં મતગણતરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત હોમગાર્ડ અને એસઆરપીના જવાનોનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. તમામ ગણરી કેન્દ્રો પર સીસીટીવી કેમેરાથી સતત મોનિટરિંગ કરવામાં આવશે અને ઉમેદવારોના એજન્ટોની હાજરીમાં જ ઈવીએમ (EVM) ના સીલ ખોલવામાં આવશે.

**વિદેશમાં રહેતા 34 જેટલા મતદારો ભારતમાં હાજર નથી**

# બોરસદ પાલિકામાં 34 મતદારનાં નામે બોગસ મતદાનનો આક્ષેપ

**યોગ્ય** કાર્યવાહી નહીં થાય તો ભાજપના ઉમેદવાર હાઇકોર્ટનો દરવાજો ખટખટાવશે



(પ્રતિનિધિ) બોરસદ તા 27

બોરસદ નગરપાલિકાના વોર્ડ નંબર 5 માં મતદાન પ્રક્રિયા દરમિયાન બોગસ મતદાન થયું હોવાની રજૂઆત કરાતાં ખળભળાટ મચી ગયો છે. સમગ્ર ઘટનાને પગલે મતદાન પ્રક્રિયાની વિશ્વસનીયતા અંગે અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે.

બોરસદ પાલિકામાં વોર્ડ 5ના ભાજપના ઉમેદવાર વિમલ શાહ દ્વારા બોગસ મતદાનના આક્ષેપો સાથે લેખિત ફરિયાદ નોંધાવવામાં આવતા રાજકીય માહોલ ગરમાયો છે.ફરિયાદ મુજબ વોર્ડ નંબર 5 માં આશરે 35 જેટલા મતદારોના નામે મતદાન થઈ ચૂક્યું હોવાનું જણાવાયું છે. આમાં 35માંથી 34 મતદારો હાલમાં વિદેશમાં વસવાટ કરે છે અને મતદાનના દિવસે તેઓમાંથી એકપણ વ્યક્તિ ભારત દેશમાં હાજર નહોતો. આ પરિસ્થિતિમાં તેમના નામે મતદાન થવું ચૂંટણી પ્રણાલીની વિશ્વસનીયતા અંગે ગેરરીતિઓ થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મહિલા મતદાર જેઓનું અવસાન થઈ ચૂક્યું છે, તેમના નામે પણ મતદાન નોંધાયું હોવાની રજૂઆત કરવામાં આવી છે.

ઉમેદવાર વિમલ શાહ દ્વારા આ સમગ્ર મામલે ચૂંટણી અધિકારી સમક્ષ લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. તેમણે માંગ કરી છે કે વોર્ડ નંબર 5 માં થયેલા મતદાનને રદ કરી ફરીથી મતદાન યોજવામાં આવે તેમજ સમગ્ર મામલે તટસ્થ અને પારદર્શક તપાસ હાથ ધરવામાં આવે. સાથે જ મતગણતરી દરમિયાન આ વોર્ડનું પરિણામ જાહેર ન કરવા પણ તેમણે રજૂઆત કરી છે.

વિમલ શાહે વધુમાં માંગ કરી છે કે જો આ મુદ્દે યોગ્ય અને ન્યાયસંગત કાર્યવાહી નહીં થાય તો તેઓ હાઈકોર્ટનો દરવાજો ખટખટાવશે. બોરસદની આ ઘટના ચુંટણી દરમિયાન થતા મતદાન સામે પડકારરૂપ બની છે. મતદારોમાં પણ આ મામલે અસંતોષ અને અવિશ્વાસનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સ્તરે રાજકીય ચર્ચાઓ તેજ બની ગઈ છે અને વિરોધ પક્ષો પણ આ મુદ્દે સત્તાધારી તંત્ર પર નિશાન સાધી રહ્યા છે.

**મતદાનપૂર્વેવાયરલથયેલાપ્રચારથીઅસમંજસ**

# આણંદ મનપામાં અપક્ષે 'દૂધ-દહીંમાં' પગ રાખ્યો!

**પેનલના છેદ ઉડાડતા** રાજકીય ગરમાવો, પક્ષના પ્રોટોકોલના ચીંથરા ઉડ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.27

કરમસદ-આણંદ મનપાની ચૂંટણીમાં આ વખતે પરંપરાગત રાજકારણના તમામ સમીકરણો ઉંધા વળતા દેખાઈ રહ્યા છે. વર્ષો સુધી પાલિકા શાસન દરમિયાન યેનકેન પ્રકારે બિનહરીફ બનતા એક અપક્ષ ઉમેદવાર સામે આ વખતે મનપા જંગમાં હરીફ ઉમેદવાર મેદાને પડતા ખરાખરીનો ખેલ જામ્યો છે. મતદાનના ગણતરીના કલાકો પૂર્વે જ આ અપક્ષ ઉમેદવારે એક રાજકીય પક્ષ સાથે છૂપો તાલમેલ રચી, પોતાની જીતનો માર્ગ મોકળો કરવા માટે 'દૂધમાં અને દહીંમાં' પગ રાખવાની રણનીતિ અપનાવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જે તે રાજકીય પક્ષે પોતાની પેનલના સત્તાવાર ચાર ઉમેદવારો હોવા છતાં, મતદાનની પૂર્વ રાત્રિએ અપક્ષ ઉમેદવારના સમર્થનમાં સોશ્યલ મીડિયા પર પ્રચાર વાયરલ કર્યો હતો. વ્યવસાયિક સંબંધો અને અગમ્ય ગોઠવણોને કારણે પોતાની જ પાર્ટીના ઉમેદવારોના છેદ ઉડાડી દેવામાં આવતા સ્થાનિક કાર્યકરોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાક્રમ બાદ હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું 'શિસ્તબદ્ધ' ગણાતી પાર્ટી આ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર નેતાઓ સામે શિસ્તભંગના પગલાં લેશે ?

બીજી તરફ, મતદાન પૂર્ણ થતા જ હવે હાર-જીત પર શરતો અને સટ્ટાના સોદા પણ શરૂ થઈ ગયા છે. જ્યારે ઈવીએમનો પિટારો ખુલશે ત્યારે હિન્દુ તિથિ મુજબ 'બારસ' છે, ત્યારે જોવાનું એ રહેશે કે આ રાજકીય કાવાદાવામાં કોના 'બાર વાગે' છે અને કોના વિજયના ડંકા વાગે છે.

**નડિયાદ મનપાના 13 વોર્ડના 1.24 લાખ મતો કોનું નસીબ ચમકાવશે?**

# મનપામાં સરેરાશ 63.66 ટકા મતદાન બાદ આજે મતગણતરી

**હાઈપ્રોફાઈલ વોર્ડ 12** અને 13 ના પરિણામો પર સૌની નજર

(પ્રતિનિધિ) નડિયાદ તા.27

નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદાનનો તબક્કો પૂર્ણ થયા બાદ આજે સૌની નજર મતગણતરી પર ટકેલી છે. કુલ 1,96,163 મતદારોમાંથી 1,24,870 લોકોએ મતાધિકાર વાપરતા સરેરાશ 63.66 ટકા મતદાન નોંધાયું છે. ખાસ કરીને શહેરના વોર્ડ નંબર 7, 8, 12 અને 13 માં ખરાખરીનો જંગ જામવાના અણસાર વચ્ચે ઉમેદવારોના ધબકારા વધી ગયા છે.

રાજકીય વિશ્લેષકો જીત અને હારના ગણિત માંડી રહ્યા છે ત્યારે આજના પરિણામો શહેરના રાજકીય સમીકરણો પર મોટી અસર પાડી શકે છે.તંત્ર દ્વારા લોખંડી બંદોબસ્ત વચ્ચે મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ખેડા જિલ્લાની અન્ય સંસ્થાઓની મતગણતરી પણ અલગ-અલગ કેન્દ્રો પર હાથ ધરાશે, જેને લઈને સમગ્ર જિલ્લામાં ભારે કુતૂહલ જોવા મળી રહ્યું છે.

નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીની મતગણતરીમાં વોર્ડ નં. 1 થી 9નું બાસુદીવાલા પબ્લિક હાઈસ્કૂલ અને વોર્ડ 10 થી 13નું ભારત હાઈસ્કૂલ (ઉત્તરસંડા) ખાતે થશે.

### મતદાનના આંકડા પર એક નજર

કુલ મતદાનઃ 63.66%
પુરુષ મતદાનઃ 65.462% | મહિલા મતદાનઃ 59.408%
સૌથી વધુ મતદાનઃ વોર્ડ નં. 5 અને 6 (71% થી વધુ)
સૌથી ઓછું મતદાનઃ વોર્ડ નં. 9 (53.16%)
નિર્ણાયક મતદાનઃ વોર્ડ નં. 13 માં 69.35% જેટલું ઊંચું મતદાન

### આ દિગ્ગજો વચ્ચે જામશે જંગ

વોર્ડ નં. 12: હેમલ પટેલ (ભાજપ) vs હાર્દિક ભટ્ટ (કોંગ્રેસ પ્રમુખ) - સમગ્ર શહેરમાં આકર્ષણનું કેન્દ્ર.
વોર્ડ નં. 13: ઈશિત પટેલ (ભાજપ) vs જીતેન્દ્ર આઝાદ (કોંગ્રેસ).
વોર્ડ નં. 7: ભાવેશ દેસાઈ vs ગોકુલ શાહ.
વોર્ડ નં. 11: સુરેન્દ્ર બારોટ vs સમીર બારોટ (જ્ઞાતિગત સમીકરણો પર નિર્ભર).
વોર્ડ નં. 1: સુનિલકુમાર સોનારા vs હિતેન્દ્ર મકવાણા.

# બોરસદમાં નાપા વાંટા બેઠકનું સૌથી વધુ મતદાન

**બોરસદ તાલુકા** પંચાયત ચૂંટણીમા 34 બેઠકો પર સરેરાશ 67.36% મતદાન

(પ્રતિનિધિ) બોરસદ તા 27

બોરસદ તાલુકા પંચાયતની 34 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ગ્રામ્ય મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓ મુજબ કુલ 2, 43,201 મતદારોમાંથી 1, 63,813 મતદારોએ મતદાન કર્યું હતું, જે મુજબ સરેરાશ 67.36% મતદાન નોંધાયું છે.

બોરસદની 34 તાલુકા પંચાયત બેઠકના મતદાનમાં અંગે જાતિવાર માહિતી મુજબ પુરુષોનું 69.76%જ્યારે મહિલાનુ 64.76% મતદાન નોંધાયું હતું. આ મુજબ મહિલાના મતદાનમાં પુરુષોની સરખામણીએ અંદાજે 5% જેટલો તફાવત દેખાયો છે.

આ ઉપરાંત બેઠકવાર મતદાન વિશ્લેષણ મુજબ નાપા વાંટા બેઠક પર સમગ્ર બોરસદ તાલુકામાં સૌથી વધુ 83.73% મતદાન નોંધાયું હતું, જે સમગ્ર તાલુકામાં સર્વોચ્ચ રહ્યું છે. ત્યારબાદ જંત્રાલ બેઠક પર 79.94% અને દાવોલ બેઠક પર 79.04% મતદાન સાથે બીજા અને ત્રીજા ક્રમે રહ્યા છે. નાપા તળપદ બેઠક પણ 77.61% મતદાન સાથે આગળ રહી છે.

બીજી તરફ, કંકાપુરા બેઠક પર સૌથી ઓછું 55.2% મતદાન નોંધાયું હતું. ઉપરાંત વિરસદ 57.58% અને ભાદરણમાં 56.91% મતદાન નોંધાયું છે.

બોરસદ તાલુકાની આ ચૂંટણીમાં કેટલાક વિસ્તારોમાં ભારે મતદાનને કારણે પરિણામ રસાકસી ભર્યું બનવાની સંભાવના છે. ઊંચું મતદાન ઘણીવાર નવા રાજકીય સમીકરણો ઊભા કરે છે, જેના કારણે મતગણતરી દરમિયાન જાહેર થનારા પરિણામો પર સૌની નજર છે.

**ખેડા નગરના રહિશોએ નવા ટ્રાન્સફોર્મર માટે તંત્રને અલ્ટીમેટમ અપાયું**

# ખેડામાં વીજળીના ધાંધિયાથી વીજ કચેરીએ પ્રજાએ હલ્લાબોલ કર્યો

**અસહ્ય ગરમીમાં** વારંવાર પાવર ગુલ થતા રહીશોએ ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) ખેડા તા.27

ખેડા શહેરના વાટા વિસ્તાર, ભોઈવાડો અને રબારીવાડમાં છેલ્લા એક વર્ષથી વીજળીની કથળેલી સમસ્યાને કારણે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે શુક્રવારે સવારે સત્તાવાર વીજ કાપ બાદ રાત્રિના સમયે ફરી વીજળી ગુલ થઈ જતા રોષે ભરાયેલા રહીશોએ મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીએ હલ્લાબોલ કરી તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.


તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

પ્રાપ્ત વિગતો અનુસાર, ખેડા શહેરમાં શુક્રવારે સવારે 7-30થી બપોરના 1-30 સુધી વીજ કાપ હોવાથી લાઈટો નહોતી. જોકે, તે જ રાત્રે ફરીથી વાટા સહિતના વિસ્તારોમાં અંધારપટ છવાઈ જતા લોકોનો સંયમ ખૂટ્યો હતો અને મોટી સંખ્યામાં સ્થાનિકોએ વીજ કંપનીની કચેરીએ પહોંચી હોબાળો મચાવ્યો હતો. રહીશોના વિરોધ બાદ થોડી જ વારમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. ખેડા નગરપાલિકાના કાઉન્સિલર કામિનીબાના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં વીજ લોડ વધુ હોવાથી વારંવાર વીજળી ડૂલ થવાની સમસ્યા સર્જાય છે. છેલ્લા એક વર્ષથી રજૂઆતો કરવા છતાં નવું ડીપી નાખવામાં આવ્યું નથી. આ બાબતે આજે રહીશોએ અધિકારીને આવેદનપત્ર સોંપી ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં નવું ડીપી નાખવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### તંત્રનો બચાવ: નવી જગ્યાનો સર્વે પૂર્ણ

આ મામલે વીજ કંપનીના અધિકારીએ જણાવ્યું હતું કે, અગાઉ ડીપી માટે જગ્યા નક્કી કરવામાં આવી હતી, પરંતુ હવે તેમાં ફેરફાર કરી આજે નવી જગ્યાની પસંદગી સાથે સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આગામી દિવસોમાં કામગીરી પૂર્ણ કરી સ્થાનિકોની સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવાની ખાતરી તેમણે આપી છે.

# ખેડા સામૂહિક દુષ્કર્મ કેસમાં સાહિલ પઠાણ ઝડપાયો

**નડિયાદ અદાલતે** આરોપીના જામીન ફગાવતાં તમામ હવે જેલના સળિયા પાછળ

(પ્રતિનિધિ) નડિયાદ તા.27

ખેડા પંથકમાં સગીરા પર થયેલા સામૂહિક દુષ્કર્મની માનવતાને શર્મસાર કરતી ઘટનામાં લાંબા સમયથી પોલીસને થાપ આપી નાસતા ફરતા અંતિમ આરોપી સાહિલ લીયાકતખાન ઉર્ફે દાઉદ પઠાણને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. આ આરોપીને નડિયાદના બીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તેને જામીન આપવાનો સાફ ઈનકાર કરી દીધો છે.

ખેડા જિલ્લાના મુખ્ય સરકારી વકીલ ધવલ બારોટની રજૂઆતો અને દલીલોને ધ્યાને રાખી અદાલતે આરોપી સાહિલને જામીન પર મુક્ત કરવાને બદલે બિલોદરા જિલ્લા જેલમાં મોકલી આપવા આદેશ કર્યો છે. આ કાર્યવાહી સાથે જ આ અત્યંત સંવેદનશીલ કેસમાં અત્યાર સુધીના તમામ આરોપીઓ જેલના સળિયા પાછળ પહોંચી ગયા છે.

નોંધનીય છે કે, ખેડામાં 2 વર્ષ પૂર્વે પરવેઝ પઠાણ નામના શખ્સે સગીરાને પ્રેમજાળમાં ફસાવી અન્ય મિત્રો સાથે મળી સતત 3 વર્ષ સુધી તેનું શારીરિક શોષણ કર્યું હોવાનો પર્દાફાશ થયો હતો. આ મામલે ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે 9માંથી 8 આરોપીઓને અગાઉ જ ઝડપી પાડ્યા હતા, જ્યારે સાહિલ પકડાયા બાદ હવે કાયદાકીય શિકંજો વધુ મજબૂત બન્યો છે.

ઉલ્લેખનીય છે કે, ખેડા પંથકમાં આ સામૂહિક દૂષ્કર્મના ઘેરા પડઘા પડ્યા છે. આરોપીને સખ્તમાં સખ્ત સજા થાય તે માટે પ્રજામાં માંગણી ઉઠી છે. જેને લઈ પોલીસ પણ સાવધાન બની છે.